| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ: | ૦૮–૦૨–૨૦૨૧ | | |
| દાખલ તારીખ: | ૦૮–૦૨–૨૦૨૧ | | |
| ફેંસલ તારીખ: | ૦૮–૦૪–૨૦૨૬ | | |
| **અ વ ધિ :** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૫ | ૦૨ | ૦૦ |

**મહે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.માંડવી–કચ્છ**

**રે.દિ.મુ.નં. ૧૭/૨૦૨૧**
**આંક :– ૯૯/એ**

**કેશવ દેવરાજ ગઢવી, ઉ.વ.પુખ્ત વય,** ... વાદી
રહે.દેશલપર (કંઠી), મુન્દ્રા–કચ્છ

**:: વિ રૂ દ્ધ ::**

(૧) **સંઘાર લખુ વેલજી ઉર્ફે લાખા વેલા સંઘાર, ઉ.વ.આ.૪૯,** ... **પ્રતિવાદીઓ**
રહે.ગામ–તલવાણા, તા.માંડવી–કચ્છ

**(૨) સ્વ.સંગાર વેલજી બુધાના વારસદારો :–**

**૨.૧ લખમીબેન વેલજી બુધા સંગાર (પત્નિ), ઉ.વ.પુખ્ત,**
રહે.મફતનગર, ગામ–બીદડા, તા.માંડવી, જી.કચ્છ, પીન નં.૩૭૦૪૩૫

**૨.૨ ધનાબાઈ નારાણ જેઠા (પુત્રી), ઉ.વ.પુખ્ત,**
રહે.ગામ–દ્રાસડી, તા.માંડવી, જી.કચ્છ, પીન નં. ૩૭૦૪૪૫

**૨.૩ લાખા વેલજી બુધા સંગાર (પુત્ર), ઉ.વ.પુખ્ત,**
રહે.કથાણ વિસ્તાર, ગામ–બીદડા, તા.માંડવી, જી.કચ્છ, પીન નં.૩૭૦૪૩૫

**૨.૪ જખી જખો, ઉ.વ.પુખ્ત,**
રહે.ગામ–વાળાસર, તા.ભુજ, જી.કચ્છ, પીન નં. ૩૭૦૪૮૫

**૨.૫ સ્વ.નારણ વેલજી બુધા સંગાર (પુત્ર)ની પત્નિ–**
**રાજબાઈ નારણ વેલજી, ઉ.વ.પુખ્ત,**
રહે.મફતનગર, ગામ–બીદડા, તા.માંડવી, જી.કચ્છ,
પીન નં.૩૭૦૪૩૫

**(૩) દેઢીયા પલ્લવી પોપટ ચના વા/ઓ.તલકચંદ મોરારજી,**
**ઉ.વ.૪૩,**
રહે.ગામ–તલવાણા, તા.માંડવી–કચ્છ

**બાબત :– ડેકલેરેશન દસ્તાવેજ રદ્દીકરણ અંગે દાવો...**

વાદી પક્ષ તરફે વિ.વ.શ્રી એ. જે. ગોસ્વામી
પ્રતિવાદી પક્ષ તરફે વિ.વ.શ્રી કે. પી. કાગતડા

**–: ઠ રા વ :–**

**(૧)** વાદી પક્ષના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ–તલવાણા, તા. માંડવીની સીમના સર્વે નં.૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળી મિલ્કતના મુળ માલિક અને કબજેદાર વાદી છે, આ કામના પ્રતિવાદી નં.૧ વાળાએ રદ્દ થયેલ પાવરનામાના આધારે પ્રતિવાદી નં.૨ ના નામ જોગ વેંચાણ દસ્તાવેજ કરેલ છે અને પ્રતિવાદી નં.૨ વાળાએ વાદગ્રસ્ત મિલ્કત પ્રતિવાદી નં.૩ વાળાને વેંચાણ આપેલ છે, જે દસ્તાવેજ રદ્દ કરાવવાના હોય જેથી બન્ને પ્રતિવાદીઓ જરૂરી પક્ષકાર છે, મોજે ગામ–તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં.૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળી મિલકતના મુળ માલિક હરીજન પાલા મઘા હતા, જેમના નામ જોગ પ્રમોલગેશનની નોંધ નં.૭૩૭ વાળી પ્રમાણિત કરવામાં આવેલ છે, પાલા મઘાનું અવસાન થઈ ગયા બાદ નોંધ નં.૨૬૩૮ થી તેમના એક માત્ર વારસદાર પુત્ર

હરીજન રાજમલ પાલાનું નામ દાખલ કરવામાં આવેલ છે અને તેઓ જ તે જ મિલ્કતના સ્વતંત્ર માલિક અને કબજેદાર રહેલા છે, સદરહુ દાવાવાળી મિલ્કત સંદર્ભે વેલા બુધા સંઘાર, નારણ વેલા સંઘાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંઘાર, રહે.હાલે તમામ બીદડા, તા.માંડવીવાળાઓએ હરીજન રાજમલ પાલાને કોઈ પણ ખોટી રીતે લાલચ, પ્રલોભન આપીને, ખોટુ સમજાવીને તેની માલિકીની મિલ્કત અંગે પુરતી સમજ આપ્યા વગર જનરલ પાવર ઓફ એટર્ની તા.૨૮–૨–૨૦૦૭ વાળુ માંડવી મધ્યે ખોટી રીતે લખાવી લીધેલ અને સદરહુ પાવરનામુ કોની તરફેણમાં લખાવી લીધેલ તે અંગેની સમજણ પણ રાજમલ પાલા હરીજનને આપેલ નહિ, જેથી રાજમલ પાલા હરીજન દ્વારા તેને જે તે સમયે સલાહ મળ્યા મુજબ તા.૨–૩–૨૦૦૭ ના રોજ કચ્છ મિત્ર દૈનિક પેપરમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવીને દાવાવાળી મિલકત તે તલવાણાની સીમના સર્વે નં.૩૯૦ પૈકીવાળીનું પાવરનામુ રદ્દ કરેલ છે અને તે અંગેની જાણ વેલા બુધા સંઘાર, નારણ વેલા સંઘાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંઘારને કરેલ.

**(૧.૧)** ઉપરોકત વિગતે સદરહુ પાવરનામુ રદ્દ થઈ ગયેલ હોવા છતા પ્રતિવાદીઓ પૈકી લખુ વેલજી ઉર્ફે લાખા વેલા સંઘાર તથા વેલજી બુધા સંઘાર દ્વારા ઉપરોકત મિલ્કત બદદાનતથી પચાવી પાડવા એકબીજા સાથે હળી મળી જઈને રદ્દ થઈ ગયેલ પાવરનામાનો દુરૂપયોગ કરીને વિશ્વાસઘાત અને છેતરપીંડી કરીને સદરહુ મિલ્કતનો ખોટી રીતે રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં.૧૫૭૦ તા.૧૭–૩–૨૦૦૭ ના સંઘાર વેલજી બુધાના નામ જોગ ખોટી રીતે કરી આપેલ છે, સદરહુ દસ્તાવેજ ખોટો હોવાની જાણ વેલા બુધા તથા સંઘાર વેલા બુધાને હોવા છતા તેના ખરા તરીકે ઉપયોગ કરીને સંઘાર વેલજી બુધા દ્વારા ઉપરોકત મિલ્કત દસ્તાવેજ નં. ૧૦૬૫, તા.૧–૩–૨૦૦૮ થી દેઢીયા પલ્લવી પોપટ ચના વા/ઓ. તલકચંદ

મોરારજીની તરફેણમાં કરી આપેલ છે અને તમામે તેમની માલિકીની મિલ્કત પચાવી પાડવા ખોટી રીતના ઉભા કરાયેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ આધારે રેવન્યુ રેકર્ડમાં પોતાનું નામ દાખલ કરાવીને રાજમલ પાલાની મિલ્કત પચાવી પાડવા એકબીજામાં મેળ મેળાપીપણુ કરી સર્વે નં.૩૯૦ વાળી મિલ્કતમાં રેવન્યુ રેકર્ડમાં પોતાના નામ દાખલ કરાવવા કાર્યવાહી કરી અને ખોટી ગેર રજૂઆત કરેલ છે, સદરહુ મિલ્કતનું પાવર બનતા સમયે વેલા બુધા હાજર હતા અને પાવર રદ્દ થઈ ગયા અંગે જાણ તેઓને હોવા છતા રદ્દ થયેલ પાવરના આધારે દસ્તાવેજ બનેલ છે, દાવાવાળી મિલ્કતમાં જે પાવરનામાના આધારે જે પ્રથમ દસ્તાવેજને તા.૧૭–૩–૨૦૦૭ વાળો બનેલ છે તે મુળ માલિક રાજમલ પાલાની મુકત સહમતી વગર અને તેની અજાણમાં બનાવવામાં આવેલ છે, દાવાવાળી મિલ્કતનું પાવરનામુ બનતા સમયે કે વેંચાણ દસ્તાવેજ થતા સમયે રાજમલ પાલાને કોઈ અવેજની રકમ આપવામાં આવેલ હોય કે તે અંગે કોઈ અવેજ મળ્યા અંગેની કોઈ પહોંચ કરી આપેલ હોય તેવુ બનેલ નથી.

(૧.૨) સદરહુ વાદગ્રસ્ત મિલકત અંગે રાજમલ પાલા દ્વારા મુકત સહમતીથી કોઈ જ પાવરનામુ આપેલ નથી, જે દસ્તાવેજ નોંધણી નં.૧૫૭૦, તા.૧૭–૩–૨૦૦૭ વાળો દસ્તાવેજ કે તે અગાઉના પાવર બનતા સમયે અન્ય કોઈને રાજમલ પાલાએ કોઈને દાવાવાળી મિલ્કતનો કબજો, ભોગવટો સોંપેલ હોય તેવુ બનેલ નથી તેમજ પ્રતિવાદી નં.૨ વાળા રજીસ્ટર્ડ દસ્તાવેજ આધારેના કોઈ જ ખરા અને કાયદેસરના માલિક નથી તેમજ બોનાફાઈડ પર્ચેસર નથી, પ્રથમ દસ્તાવેજ રદ્દ થયેલ પાવરનામાના આધારે બનેલ છે, સદરહુ ખોટો દસ્તાવેજ બનતા સમયે જે નોંધ નં. ૨૯૩૧ વાળી પાડવામાં આવેલ તે સમયે પણ પાવરનામુ ઈ–ધારા શાખામાં રજુ થયેલ ન હતુ તે અંગેની હકીકત નોંધમાં સ્પષ્ટ લખવામાં આવેલ છે, આમ

પ્રતિવાદી નં.૧, ૨ વાળાએ રાજમલ પાલાની મિલ્કત બદદાનતથી પચાવી પાડવા પ્રથમ પાવરનામુ બનાવેલ અને તે પાવર રદ્દ થઈ ગયેલ હોવા છતા તે આધારે કાયદાથી ઉપરવટ જઈ પ્રતિવાદી નં.૧ વાળાએ અયોગ્ય રીતે પ્રતિવાદી નં.૨ ના નામ જોગ દસ્તાવેજ કરેલ છે જે શરૂથી નલ એન્ડ વોઈડ છે અને તેવો પ્રથમ દસ્તાવેજ શરૂથી જ સામ બોગસ હોય તે આધારે જે બીજો દસ્તાવેજ પ્રતિવાદી નં.૨ ના નામ જોગ બનેલ છે તે દસ્તાવેજને કાયદાનું બળ પ્રાપ્ત નથી અને તેવા દસ્તાવેજના આધારે રેવન્યુ રેકર્ડમાં માત્ર નામ દાખલ થઈ જવાથી દાવાવાળી મિલકતના આપો આપ ખરા માલિક બની શકાતુ નથી, રેવન્યુ રેકર્ડ તે માલિકી હકકનો સજજડ પુરાવો નથી, પ્રતિવાદી નં.૩ વાળા પણ બોનાફાઈડ પર્ચેસર નથી, તેઓ પ્રતિવાદી નં.૧, ૨ ની કરતુતનો ભોગ બનેલ છે, ઉપરોકત તમામ વિગતો તથા હકીકતો નજરે વાદી તરફથી પ્રતિવાદી નં.૧, ૨ વિરૂધ્ધ પોલિસ ફરીયાદ પણ કરેલ છે.

(૧.૩) દાવાવાળી મિલ્કત સંદર્ભે વાદી તરફથી રેવન્યુ રેકર્ડની નોંધ નં.૨૯૩૧ તથા ૩૦૫૬ વાળી રદ્દ કરવા સંદર્ભે અપીલ પણ તેમના એડવોકેટ મારફતે રજુ કરેલ હતી, જે અપીલ કેસ કામમાં પણ પ્રાંત અધિકારી મુન્દ્રા તરફથી સદરહુ મિલ્કત સંદર્ભેનું પાવરનામુ રદ્દ થઈ ગયા બાદ પ્રતિવાદી નં.૨ નો દસ્તાવેજ બનેલ છે તે ધ્યાને લીધેલ નથી, જે તે સમયે વાદીને જરૂરી કાયદાકીય સલાહ ન મળતા તેઓ તરફથી આગળની કાર્યવાહી કરેલ ન હતી, દાવાવાળી મિલ્કત સંદર્ભે સ્થાનિક જાત ખેડ કબજો વાદી પાસે જ રહેલ હોવાથી આ કામના પ્રતિવાદીઓ વાદીના જાત ખેડ, કબજા, ભોગવટામાં હરકત અંતરાય કરાવતા ન હોય પ્રતિવાદી વિરૂધ્ધ તાત્કાલિક કાર્યવાહી કરેલ નહિ, વાદી તરફથી દાવાવાળી મિલ્કતના તમામ રેવન્યુ રેકર્ડના ઉતારા તા.૧૧–૧૨–૨૦ ના મેળવેલ અને તેમા નોંધ નં.

૪૩૬૫ ની વિગતે પ્રતિવાદી નં.૩ વાળા તરફથી માત્ર રેવન્યુ રેકર્ડમાં તેનું નામ ચાલુ હોવાથી તેનો દુરૂપયોગ કરીને ગુજરાત ગ્રામીણ બેંક પાસેથી રૂપિયા સાત લાખનું ધિરાણ તા.૧૨–૯–૨૦ ના રોજ ખોટા એકરારનામાના આધારે મેળવીને દાવાવાળી મિલકત તારણમાં મુકીને ખોટી રીતે લોન મેળવેલ છે, જયારે ખરી હકીકતે દાવાવાળી મિલ્કતનો કબજો દસ્તાવેજ તા.૧૫–૬–૨૦૦૭ થી વાદી પાસે જ રહેલ છે, પ્રતિવાદી નં.૩ દ્વારા ખોટી રીતે લોન મેળવેલ હોય અને ખરી હકીકતે સદરહુ ઠામના પ્રતિવાદી નં.૨, ૩ ના નામના બનેલ દસ્તાવેજ શરૂથી જ નલ એન્ડ વોઈડ હોય તેવા દસ્તાવેજના આધારે ખોટી કાર્યવાહી કરેલ હોય અને ભવિષ્યમાં રેવન્યુ રેકર્ડમાં પ્રતિવાદીઓનું નામ ચાલુ હોવાનો ગેરલાભ લઈ વાદીના કબજામાં હરકત, અંતરાય કરે કરાવે તેમ હોય જેથી પ્રતિવાદીઓ વિરૂધ્ધ હાલનો દાવો દાખલ કરેલ છે.

(૧.૪) આ દાવાનું કારણ પ્રતિવાદી નં.૧, ૨ વાળાએ દાવાવાળી મિલ્કત શરૂથી બદદાનતથી પચાવી પાડવા મુળ માલિક રાજમલ પાલાને અંધારામાં રાખી ખોટી રીતે પાવરનામુ બનાવી અને પાવર લેનારનું ના પણ રાજમલ પાલાથી અજાણમાં રાખીને તેવા રદૃ કરવામાં આવેલ પાવરના આધારે પ્રતિવાદી નં.૨ ના નામજોગનો ખોટી રીતે અઘાટ વેંચાણનો દસ્તાવેજ કરેલ છે, જે દસ્તાવેજની અવેજની રકમ રાજમલ પાલાએ સ્વીકારે હોય તેવુ પણ બનેલ નથી અને ત્યાર બાદ પ્રતિવાદી નં. ૩ ના નામનો પણ ખોટી રીતે દસ્તાવેજ બનેલ છે અને તેવા દસ્તાવેજના આધારે પ્રતિવાદીઓએ વાદીના કબજા ભોગવટામાં હરકત, અંતરાય કરાવેલ નથી પરંતુ પ્રતિવાદી નં.૩ એ ખોટી રીતે તા.૧૨–૯–૨૦ ના રોજ રૂપિયા સાત લાખની લોન મેળવેલ અને તે હકીકત અંગેની જાણ રેવન્યુ રેકર્ડના ઉતારા તા.૧૧–૧૨–૨૦ ના રોજ મેળવતા અને વાદીની મિલ્કતમાં ખોટી

રીતે લોન લીધાની હકીકત જાહેર થતા દાવો દાખલ કરવાનું કારણ ઉત્પન્ન થતા હાલનો દાવો દાખલ કરેલ છે. હાલનો દાવો ડેકલેરેશન તેમજ કાયમી મનાઈ હુકમ મેળવવાનો હોય તે અંગેનો આંક ૨૦૦૦ બાંધેલ છે તેમજ વાદગ્રસ્ત મિલ્કત પ્રતિવાદી નં.૨ ના નામ જોગ બનેલ દસ્તાવેજની રકમ રૂાન.૫૨૦૦૦/– હોય અને પ્રતિવાદી નં.૩ ના નામ જોગ બનેલ દસ્તાવેજની કિંમત રૂા.૫૫૦૦૦/– ની હોય અને તે રીતે કુલ દસ્તાવેજની કિંમત રૂા.૧૦૭૦૦૦/– નો બાંધી કુલ દાવાનો આંક રૂા.૧૦૯૦૦૦૦/– નો બાંધી નિયત કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૭૭૫૦/– પર હાલનો દાવો રજુ છે. હાલના દાવાનું કારણ ઉત્પન્ન થયા બાદ લીમીટેશન એકટ મુજબ નિયત સમય મર્યાદા અંદર દાખલ કરવામાં આવેલ છે. વાદીનો દાવો ચલાવવા તથા નિર્ણય કરવા નામદાર કોર્ટને હકુમત પહોંચે છે.

**(૧.૫)** વાદીએ દાવા અરજીના પેરા નં.૧૧ માં માંગણી કરી જણાવેલ છે કે, મોજે ગામ–તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં.૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળા ઠામનો વાદીના નામજોગ બનેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં.૩૫૧૮, તા.૧૫–૬–૨૦૦૭ વાળો ખરો અને કાયદેસરનો હોવાનું હુકમનામુ આપવા તેમજ આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતના વાદીના શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજામાં કોઈ હરકત, અંતરાય, રૂકાવટ કરે કરાવે નહિ તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવા, તેમજ મોજે ગામ–તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં.૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળા ઠામમાં પ્રતિવાદી નં.૨ ના નામ જોગ બનેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં.૧૫૭૦, તા. ૧૫–૩–૨૦૦૭ વાળો રદૃ ફરમાવવા વિકલ્પે શરૂથી જ નલ એન્ડ વોઈડ ઠેરવવા હુકમ ફરમાવવા, તેમજ મોજે ગામ–તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં.

૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળા ઠામમાં પ્રતિવાદી નં.૩ ના નામ જોગ બનેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં. ૧૦૭૫, તા.૧–૩–૨૦૦૮ વાળો રદ્દ ફરમાવવા વિકલ્પે શરૂથી જ નલ એન્ડ વોઈડ ઠેરવવા હુકમ ફરમાવવા, તેમજ પુરાવા તથા ગુણદોષ નજરે નામદાર કોર્ટને ન્યાયના હિતમાં યોગ્ય લાગે તેવો હુકમ વાદીની તરફેણમાં ફરમાવવા તેમજ આ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) પ્રતિવાદીઓને વાદીના દાવાનો સમન્સ/નોટીસ ઈસ્યુ કરતા, આ કામના પ્રતિવાદી નં.૧ તથા ૩ નાઓને ધોરણસર બજી જતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૮ થી જવાબ તથા દાવા જવાબ રજુ કરેલ છે અને તેમા વાદી પક્ષના દાવાની સ્વીકૃત કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, વાદીનો દાવો ખરો અને કાયદેસરનો નથી, વાદીના દાવામાં કરવામાં આવેલ માંગણી કાયદા કે હકીકતની દ્રષ્ટિએ બિલકુલ ટકી શકે તેમ નથી, વાદીને દાવો કરવા કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી, વાદીએ ખોટો દાવો કરી અને ખોટી માંગણી કરેલ હોય, વાદીએ ખરી હકીકતો છુપાવી અને ખોટી હકીકતોવાળો દાવો કરેલ છે, વાદીએ મહત્વની હકીકતો છુપાવી અને ચોખ્ખા હાથે નામદાર કોર્ટ સમક્ષ આવેલ નથી, વાદીનો કોઈ પ્રાઈમાફેસી કેસ નથી તેમજ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પણ વાદીની તરફેણમાં નથી, વાદીની માંગણી જો માનવામાં આવે તો પ્રતિવાદીને નાણામાં ન વાળી શકાય તેવુ નુકશાન થવા સંભવ છે, જયારે વાદીને કોઈ નુકશાન નથી, વાદીની દાવા અરજી રીલીફ એ ડીસ્ક્રીસ્નરી રીલીફ છે, વાદી નામદાર કોર્ટ સમક્ષ કલીન હેન્ડથી આવેલ નથી અને મટીરીયલ સપ્રેસ કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, કચ્છ માંડવી તાલુકાના ગામ તલવાણા

મધ્યે જુના સ.નં.૩૯૦/પૈકી ૨૪ અને નવા સ.નં.૨૬૦ હેકટર ૨.૭૧.૬૪ આરેવાળી ખેતીની જમીન પ્રતિવાદી નં.૩ વાળાના કબજા ભોગવટા અને હકક માલિકી તથા જાત ઘરખેડ હેઠળની આવેલ છે, આ જમીન પ્રતિવાદી નં.૩ વાળાએ રજીસ્ટર્ડ દસ્તાવેજથી ખરીદ કરેલ છે અને તે રીતે પ્રતિવાદી નં.૩ વાળા બોનાફાઈડ પર્ચેસર છે, આ જમીનમાં અન્ય કોઈનો હકક હિસ્સો કે હિત સંબંધ કે હકક ભાગ રહેલ નથી, આ કામના વાદી તરફથી તદ્દન ખોટો અને બોગસ દાવો નામદાર કોર્ટમાં કરવામાં આવેલ છે, દાવાવાળા ઠામનો વાદીનો કબજો કયારે પણ થયેલ નથી, વાદીએ તદ્દન ખોટી હકીકત દાવામાં જણાવેલ છે, દાવાવાળુ ઠામ જુના સ.નં.૩૯૦/પૈકી ૨૪ અને નવા સ.નં.૨૬૦ વાળો મુળ નોંધ નં.૭૩૭ થી હરીજન પાલા મઘાને સાંથણીમાં મંજૂર થયેલ તે બાદ નોંધ નં.૧૫૩૩ વાળી જમીન વધઘટની પડેલ છે તે બાદ હરીજન પાલા મઘા ગુજરી જતા વારસાઈ નોંધ નં.૨૬૩૮ વાળી દાખલ થયેલ છે જેમા ગુજરનારના એક માત્ર વારસ રાજમલ પાલા હરીજનનું નામ દાખલ થયેલ છે તે બાદ નોંધ નં.૨૯૩૦ વાળી નવી શરતમાંથી જુની શરતમાં જમીન ફેરવાયેલ તે અંગેની પડેલ છે તે બાદ સદરહુ દાવાવાળુ ઠામ હરીજન રાજમલ પાલાના પાવરદાર સંઘાર લખુ વેલજીએ સંઘાર વેલજી બુધાને તા.૧૭–૩–૨૦૦૭ વાળા રજી. દસ્તાવેજ નં.૧૫૭૦ થી વેંચાણ કરેલ તે નોંધ નં.૨૯૩૧ તા.૭–૭–૨૦૦૭ ના રોજ પ્રમાણિત થયેલ છે તે બાદ નોંધ નં. ૨૯૫૧ વાળી ફેરફાર નોંધ પડેલ છે તે બાદ સદર દાવાવાળુ ઠામ ફરીથી મજકુર હરીજન રાજમલ પાલાએ આ કામના વાદી એટલે કે કેશવ દેવરાજ ગઢવીને તા. ૧૫–૬–૨૦૦૭ ના રોજ રજી. દસ્તાવેજ નં.૩૫૧૮ થી વેંચાણ કરેલ તે નોંધ નં. ૨૯૮૯ પડેલ છે જે નોંધ રદ્દ થયેલ છે, દાવાવાળુ ઠામ એક વાર વેંચાણ થઈ ગયા બાદ ફરીથી મજકુર રાજમલ પાલાએ વાદીને વેંચાણ કરેલ છે તે વેંચાણ બોગસ

અને કાયદાથી વિરૂધ્ધ છે, મજકુર રાયમલ પાલાભાઈના પાવરદારે એક વખત આ ઠામ વેંચાણ કરેલ તે હકીકત રાજમલ પાલા જાણતા હોવા છતા ફરીથી આ ઠામનો વેંચાણ દસ્તાવેજ કરેલ છે, આમ વાદી અને રાજમલ પાલાએ આપસમાં ભળી અને આ ઠામનો એક વાર દસ્તાવેજ બની ગયા બાદ ફરીથી બીજી વાર આ જ ઠામનો દસ્તાવેજ કરેલ છે જે નોંધ રદૃ થયેલ છે તથા તા.૧૭–૩–૨૦૦૭ અને તા.૧૫–૬–૨૦૦૭ વાળા દસ્તાવેજની ઝેરોક્ષ નકલો રજુ રાખેલ છે, વાદીએ પાવરનામાની હકીકત ખોટી છે, મજકુર પાવર આપનાર રાજમલ પાલાએ પાવરમાં સહી કરેલ છે, પાવર લેનારે પણ સહી કરેલ છે અને તે પાવર નોટરી રૂબરૂ થયેલ છે, આમ રાજમલ પાલાને એકતરફી પાવર રદૃ કરવા કોઈ હકક કે અધિકાર નથી અને કચ્છ મિત્રમાં ખોટી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ છે તેમજ ફરીથી તા.૧૯–૩–૦૭ આ જ દાવાવાળા ઠામના વેંચાણ અંગેની જાહેર નોટીસ કચ્છ મિત્રમાં પ્રસિધ્ધ થયેલ છે જેનો વેલજી બુધાભાઈ સંઘાર તરફથી વિગતવાર જવાબ તા.૨૩–૩–૦૭ ના રોજ ખરીદનારના એડવોકેટશ્રીને આપેલ છે, આમ વાદીએ આ તમામ સત્ય હકીકતો ઈરાદાપુર્વક છુપાવી અને ખોટી હકીકતોવાળો દાવો કરી અને નામદાર કોર્ટ પાસે ખોટી માંગણી કરેલ છે.

વધુમાં જણાવેલ છે કે, દાવાવાળુ ઠામ સંઘાર વેલજી બુધા પાસેથી પ્રતિવાદી નં.૩ વાળાએ તા.૧૫–૬–૨૦૦૭ ના રોજ રજી. દસ્તાવેજ નં.૩૫૧૮ થી ખરીદ કરેલ છે જે નોંધ નં.૩૦૫૬ થી દાખલ થયેલ છે જે નોંધ તા.૧૪–૬–૨૦૦૮ ના રોજ પ્રમાણિત થયેલ છે, ત્યારથી દાવાવાળા ઠામનો કબજો ભોગવટો અને જાત ઘરખેડ પ્રતિવાદી નં.૩ વાળાના છે, દાવાવાળા ઠામ ઉપર પ્રતિવાદી નં. ૩ વાળાએ બરોડા ગુજરાત ગ્રામીણ બેંક તલવાણા શાખામાંથી લોન લીધેલ છે જે અંગેની નોંધ નં.૪૩૬૫ દાખલ થયેલ છે, દાવાવાળા ઠામના તમામ ટાઈટલ

કલીયર હોય પ્રતિવાદી નં.૩ વાળાને લોન મંજૂર થયેલ છે, આજની તારીખે દાવાવાળા ઠામનો ખાલી, શાંત અને પ્રત્યક્ષ કબજો ભોગવટો તથા જાત ઘરખેડ પ્રતિવાદી નં.૩ વાળાના છે, ઉપરોકત તમામ ઉતરોતર નોંધથી દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.૩ વાળા પાસે આવેલ છે અને તે રીતે રેવન્યુ રેકર્ડમાં સદર ઠામ પ્રતિવાદી નં.૩ વાળાના નામે દાખલ છે, વાદીએ નોંધ નં.૨૯૩૧ અને ૩૦૫૬ વાળી સામે શ્રી પ્રાંત અધિકારી મુન્દ્રા મધ્યે અપીલ નં.૧૧૦/૨૦૧૨ વાળી દાખલ કરેલ હતી તે અપીલ પણ શ્રી પ્રાંત અધિકારી સાહેબે કાઢી મુકેલ છે તથા દાવાવાળા ઠામમાં પ્રતિવાદી નં.૩ વાળાએ બીયારણ અને ખાતર ખરીદ કરેલ તેના બીલો રજુ રાખેલ છે તથા ખેત પેદાશ વેંચેલ તેના બીલોની ઝેરોક્ષ રજુ રાખેલ છે તથા ખેતરને ચારે બાજુ ફેન્સીંગ કરેલ અને દરવાજો ગેઈટ લગાડેલ તેના બીલો રજુ રાખેલ છે તથા ખેતર ખેડાવેલ અને લેવલીંગ કરાવેલ તે અંગેના બીલોની નકલો રજુ રાખેલ છે, આ બીલો જોવામાં આવશે તો ખ્યાલ આવશે કે ઠામનો કબજો પ્રતિવાદી નં.૩ વાળાનો છે, વાદી સામે પ્રતિવાદી નં.૩ વાળાએ પોલિસમાં ફરીયાદ કરેલ તેની ઝેરોક્ષ રજુ રાખેલ છે, આમ વાદી કેટલી હદે જુઠુ બોલી અને આ જાતનો દાવો કરી અને તેમા મનાઈ હુકમની અરજી નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ છે, દાવાવાળા ઠામનો વાદી પાસે કબજો નથી ત્યાં વાદીએ કબજાની હકીકત દાવામાં તદૃન ખોટી અને ઉપજાવી કાઢેલ જણાવી છે, દાવાવાળુ ઠામ પ્રથમ રાજમલ પાલાના પાવરદાર જખુ વેલજી સંઘારે (પ્રતિવાદી નં.૧), વેલજી બુધા સંઘાર (પ્રતિવાદી નં.૨) ને વેંચાણ કરેલ અને તે બાદ વેલજી બુધા સંઘાર પાસેથી પ્રતિવાદી નં.૩ વાળાએ ખરીદ કરેલ છે તે રીતે પ્રતિવાદી નં.૩ વાળા બોનાફાઈડ પર્ચેસર છે, દાવાવાળા ઠામનો કબજો પ્રતિવાદી નં.૩ વાળા પાસે છે અને છેલ્લા તેર વર્ષથી સતત કબજો ધરાવે છે, આ તમામ હકીકત વાદી સારી

રીતે જાણે છે તેમ છતા આટલા વર્ષો બાદ વાદીએ ખોટી રીતે નામદાર કોર્ટમાં આ દાવો કરી અને ખોટી માંગણી કરેલ છે, વાદી પાસે ઠામનો કબજો છે તેવા કોઈ આધારો નામદાર કોર્ટમાં રજુ કરેલ નથી, ફકત દાવામાં કબજાની હકીકત જણાવી અને નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવા પ્રયત્ન કરેલ છે, તેઓના કબજા ભોગવટાના દાવાવાળા ઠામના તમામ ટાઈટલ કલીયર હોય, આ ઠામ ઉપર બેંકની લોન મેળવેલ તે હકીકત સુચક છે, વાદી બોગસ જમીન સગેવગે કરવાની ટેવવાળા છે, આ સાથે કચ્છ મિત્ર પ્રસિધ્ધ થયેલ પ્રેસ નોટ રજુ રાખેલ છે જે જોતા નામદાર કોર્ટને ખાતરી થશે, વાદીને દાવો કરવા કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી તેમજ વાદીનો દાવો સમય મર્યાદા બાદનો છે, વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ લાગે છે, જેથી વાદીનો દાવો જરા જેટલો ચાલવાપાત્ર ન હોય તાત્કાલિક અસરથી વાદીનો દાવો તથા મનાઈ હુકમની અરજી નામંજૂર ફરમાવવા તેમજ પ્રતિવાદીને ખોટી રીતે હેરાન પરેશાન કરેલ હોય અને ખર્ચના ખાડામાં ઉતારેલ હોય વાદી પાસેથી હેવી કોસ્ટ અપાવવા હુકમ થવા વિનંતી કરેલ છે.

**(૨.૧)** જયારે આ કામના પ્રતિવાદી નં.૨ નાઓ તા.૧૪–૧૦–૨૦૧૯ ના રોજ અવસાન પામેલ હોવાનું પ્રતિવાદી નં.૧ તથા ૩ ના વિ.વ.શ્રી ધ્વારા આંક–૧૨ ની પુરશીષ તથા માર્ક ૧૨/૧ થી રજુ કરેલ તેમના મરણ પ્રમાણપત્રની નકલથી જાહેર કરેલ છે, જેથી પ્રતિવાદી નં.૨ નાઓને હાલના દાવાના કામેથી એબેટ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૨.૨)** આ કામના પ્રતિવાદીઓના વિ.વ.શ્રી ધ્વારા આ કામે અગાઉ જે દાવા જવાબ આપવામાં આવેલ છે તે દાવા જવાબ તેઓ કાયમ રાખતા હોવાનું આંક–૨૩ ની પુરશીષથી જાહેર કરેલ છે.

(૩) આ દાવાના નિર્ણય માટે આંક–૨૫ થી નીચે મુજબના મુદ્દાઓ કાઢવામાં આવેલ છે:–

૧. શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કતના મુળ માલિક હરીજન પાલા મગા હતા ?

૨. શું વાદી પુરવાર કરે છે કે, વેલા બુધા સંગાર, નારાણ વેલા સંગાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંગારનાઓએ હરીજન રાજમલ પાલાને ખોટી રીતે લાલચ પ્રલોભન આપીને તેની માલિકીની મિલ્કતની પુરતી સમજ આપ્યા વગર જનરલ પાવર ઓફ એટર્ની તા.૨૮–૨–૨૦૦૭ વાળુ ખોટી રીતે લખાવી લીધેલ છે ?

૩. શું વાદી પુરવાર કરે છે કે, રાજમલ પાલા હરીજનએ તા.૨–૩–૨૦૦૭ ના રોજ કચ્છ મિત્ર દૈનિક પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવી દાવાવાળી મિલ્કત અંગેનું પાવરનામુ રદૃ કરેલ છે ?

૪. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓ એકબીજા સાથે ભળીને રદૃ થઈ ગયેલા પાવરનામાનો દુરૂપયોગ કરીને ખોટી રીતે દસ્તાવેજ નોંધણી નં. ૧૫૭૦, તા.૧૭–૩–૨૦૦૭ ના સંગાર વેલજી બુધાના નામે ખોટી રીતે કરી આપેલ છે ?

૫. શું વાદી પુરવાર કરે છે કે, સંગાર વેલજી બુધા ધ્વારા મિલ્કત દસ્તાવેજ નોંધણી નં.૧૦૬૫ તા.૧–૩–૨૦૦૮ થી દેઢીયા પલ્લવી પોપટ ચનાની તરફેણમાં ખોટી રીતે કરવામાં આવેલ છે ?

૬. શું પ્રતિવાદી નં.૩ પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી મિલ્કતના બોનાફાઈડ ખરીદનાર છે ?

૭. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, સદરહુ દાવાને સમય મર્યાદાનો બાધ

નડે છે ?

૮. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

૯. શું હુકમ અને હુકમનામુ ?

**(૪)** આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે :–

૧. હકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. નકારમાં,

૫. નકારમાં,

૬. હકારમાં,

૭. હકારમાં,

૮. નકારમાં,

૯. આખરી હુકમ મુજબ.

**(૫)** આ દાવાના કામે વાદી પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

**<u>મૌખિક પુરાવો :–</u>**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** |
|---|---|---|
| (૧) | ૨૯ | વાદી– કેશવ દેવરાજ ગઢવીનું પુરાવાનું સોગંદનામુ |
| (૨) | ૪૯ | સાહેદ હિંમતભાઈ માદેવભાઈ ચૌધરીની જુબાની |
| (૩) | ૫૭ | સાહેદ હસનભાઈ ભચુભાઈ રાયમાની જુબાની |

આ કામે પ્રતિવાદી પક્ષના વિ.વ.શ્રી દ્વારા વાદી તથા સાહેદોની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાઓની ચર્ચા સાથે કરવામાં આવશે.

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| (૧) | ૩૧ | રે.સ.નં.૨૬૦ ના ગામ નમુના નં.૭–૧૨ ની ખરી નકલ |
| (૨) | ૩૨ | હકક પત્રક નોંધ નં.૭૩૭ ની ખરી નકલ |
| (૩) | ૩૩ | હકક પત્રક નોંધ નં.૧૫૩૩ ની ખરી નકલ |
| (૪) | ૩૪ | હકક પત્રક નોંધ નં.૨૬૩૮ ની ખરી નકલ |
| (૫) | ૩૫ | હકક પત્રક નોંધ નં.૨૯૩૦ ની ખરી નકલ |
| (૬) | ૩૬ | હકક પત્રક નોંધ નં.૨૯૩૧ ની ખરી નકલ |
| (૭) | ૩૭ | હકક પત્રક નોંધ નં.૨૯૫૧ ની ખરી નકલ |
| (૮) | ૩૮ | હકક પત્રક નોંધ નં.૨૯૮૯ ની ખરી નકલ |
| (૯) | ૩૯ | હકક પત્રક નોંધ નં.૩૦૫૬ ની ખરી નકલ |
| (૧૦) | ૪૦ | હકક પત્રક નોંધ નં.૩૯૬૩ ની ખરી નકલ |
| (૧૧) | ૪૧ | હકક પત્રક નોંધ નં.૪૦૨૭ ની ખરી નકલ |
| (૧૨) | ૪૨ | હકક પત્રક નોંધ નં.૪૨૩૫ ની ખરી નકલ |
| (૧૩) | ૪૩ | હકક પત્રક નોંધ નં.૪૩૬૫ ની ખરી નકલ |
| (૧૪) | ૪૪ | પાવરનામા રદ્દની જાહેર નોટીસની ખરી નકલ |
| (૧૫) | ૪૫ | ૩૫૧૮/૨૦૦૭ વાળા દસ્તાવેજની ખરી નકલ |
| (૧૬) | ૪૬ | ૧૫૭૦/૨૦૦૭ વાળા દસ્તાવેજની ખરી નકલ |
| (૧૭) | ૫૧ થી ૫૩ | વેંચાણ દસ્તાવેજ નં.૧૫૭૦/૨૦૦૭, ૩૫૧૮/૨૦૦૭ તથા ૧૦૭૫/૨૦૦૮ ની ખરી નકલ |
| (૧૮) | ૫૪ થી ૫૬ | રોજમેળના ઉતારાની ખરી નકલ |
| (૧૯) | ૫૮ | નોટરી રજીસ્ટરના જરૂરી પાનાની ખરી નકલ |

વાદી પક્ષ વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૬૧ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૬) આ દાવાના કામે પ્રતિવાદી પક્ષ તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

**<u>મૌખિક પુરાવો :–</u>**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૬૬ | પ્રતિવાદી નં.૩– તલ્લકચંદ મોરારજી દેઢીયાનું પુરાવાનું સોગંદનામુ |
| (૨) | ૯૩ | પ્રતિવાદી નં.૧– સંઘાર લખુ વેલજી ઉર્ફે લાખા વેલાનું પુરાવાનું સોગંદનામુ |
| (૩) | ૯૪ | સાહેદ ક્રિપાલસિંહ નાનુભા જાડેજાનું પુરાવાનું સોગંદનામુ |

આ કામના પ્રતિવાદી નં.૧, ૩ તથા સાહેદની વાદીના વિ.વ.શ્રી દ્વારા લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે, જેની ચર્ચા મુદ્દાઓની ચર્ચા સાથે કરવામાં આવશે.

**<u>દસ્તાવેજી પુરાવો :–</u>**

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| (૧) | ૭૦ | દસ્તાવેજ નં.૧૫૭૦ અસલ |
| (૨) | ૭૧ | દસ્તાવેજ નં.૧૦૭૫ અસલ |
| (૩) | ૭૨ | પ્રાંત અધિકારીશ્રી મુન્દ્રાવાળો હુકમ અસલ |
| (૪) | ૭૩ | પ્રતિવાદી નં.૩ વાળાએ વેંચેલ તે બીલ અસલ |
| (૫) | ૭૪ | પ્રતિવાદી નં.૩ વાળાએ ઠામ ખેડાવેલ તે બીલ અસલ |
| (૬) | ૭૫ | ઠામ ફેન્સીંગ કરાવેલ તે બીલ અસલ |
| (૭) | ૭૬ | ઠામમાં ગેઈટ નખાવેલ તે માલના બીલ અસલ |
| (૮) | ૭૭ | ઠામમાં છાટવા દવા લીધેલ તે બીલ અસલ |

| | | |
|---|---|---|
| (૯) | ૭૮ | માલ વેંચેલ તે બીલ અસલ |
| (૧૦) | ૭૯ | ઠામ ખેડાવેલ તે બીલ અસલ |
| (૧૧) | ૮૦ | ઠામ ખેડાવેલ તે બીલ અસલ |
| (૧૨) | ૮૧ | ઠામમાં ખાતર નખાવેલ તે બીલ અસલ |
| (૧૩) | ૮૨, ૮૩ | ઈન્કમ ટેકસ રીટર્ન અસલ |
| (૧૪) | ૮૪ | માંડવી પોલિસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની ઓફિસ કોપી |
| (૧૫) | ૮૫ | પોલિસ ફરીયાદ કરેલ તેની ઓફિસ કોપી |
| (૧૬) | ૮૬ | પોલિસ ફરીયાદ કરેલ તેની ઓફિસ કોપી |
| (૧૭) | ૮૭ | ડી.એસ.પી.ને કરેલ ફરીયાદની ઓફિસ કોપી |
| (૧૮) | ૮૮ | શ્રી કલેકટર સાહેબ, ભુજ–કચ્છવાળાનો નં.૮૪/૨૧ નો હુકમ અસલ |
| (૧૯) | ૮૯ | પ્રતિવાદી નં.૩ એ તા.૩–૫–૨૦૨૫ ના તલકચંદ નારણજી દેઢીયાને આપેલ પાવરનામાની ખરી નકલ |
| (૨૦) | ૯૨ | તા.૩૧–૫–૨૦૧૮ વાળો બંસરી એન્ટરપ્રાઈઝનું બીલ અસલ |

પ્રતિવાદી પક્ષ વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય, આંક–૭૯ ની કલોઝીંગ પુરશીષથી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

**(૭)** વાદી પક્ષ તરફે વિ.વ.શ્રી એ. જે. ગોસ્વામીએ લેખિત દલીલ આંક–૯૭ થી તેમજ પ્રતિવાદી પક્ષ તરફે વિ.વ.શ્રી કે. પી. કાગતડાએ લેખિત દલીલ આંક–૯૮ થી રજુ કરેલ છે જે ધ્યાને તથા વંચાણે લીધી. પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલોની યથા સ્થાને પુરાવાની ચર્ચા દરમ્યાન વિગતે વર્ણન ઉલ્લેખ કરવામાં આવશે.

## <u>–: નિર્ણયનાં કારણો :–</u>

**(૮)** આ કામે ઘડવામાં આવેલ મુદા અન્વયે પુરાવાની ચર્ચા અને મુલ્યાંકન કરતા પહેલા પુરાવાના મુલ્યાંકનના સિધ્ધાંતો ધ્યાને લેતા જે હકીકત પ્લીડીંગ એટલે

કે દાવા અરજી અને દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે હકીકતનો પુરાવો ધ્યાને લઈ શકાય નહીં. ભારતીય પુરાવાના કાયદાની જોગવાઈ તથા સી.પી.સી.ની જોગવાઈ ધ્યાને લેતાં વાદી કે પ્રતિવાદીએ જે હકીકત પોતાની દાવા અરજી કે દાવા જવાબમાં દર્શાવેલ ન હોય તે અંગેનો પુરાવો આવે તો પણ પ્લીડીંગમાં તેનો આધાર ન હોય તે હકીકત ઉપર આધાર રાખી શકાય નહીં.

(૯) ભારતીય પુરાવા અધિનિયમના પ્રકરણ–૭ માં કલમ–૧૦૧ માં સાબિતીના બોજા અંગે જોગવાઈ કરવામાં આવેલ છે જે વંચાણે લેતા તે નીચે મુજબ છે.

<u>કલમ–૧૦૧ :</u>**– કોઈ પણ વ્યકિત ઈચ્છતી હોય કે પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચૂકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવું પડે. જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે તે વ્યકિત પર સાબીતીનો બોજો છે.**

ઉપરોકત કલમ વંચાણે લેતાં વાદીના દાવાની કોઈ બાબતો અંગે જયારે પ્રતિવાદીએ વિધાનો વિરૂધ્ધ કબૂલ કર્યા હોય ત્યારે તેવી બાબતો વાદી ધ્વારા હકારાત્મક રીતે પુરવાર કરવી પડે. જો વાદી આવી હકીકત હકારાત્મક પુરાવાથી પુરવાર કરી શકે તો તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી ઉપર ખસે છે. નામદાર સુપ્રિમ કોર્ટ **અનિલભાઈ ઋષિભાઈ વિ. ગુરૂબક્ષસિંહ [એ.આઈ.આર. ૨૦૦૬ સુ.કો.૧૯૭૧]** ના ચૂકાદામાં ઠરાવેલ છે કે, કલમ–૧૦૧ નો પ્રાથમિક નિયમ અપરિવર્તનશીલ છે અને આ આરંભિક બોજો હંમેશા વાદીના શીરે છે અને જો તેનું તે પાલન કરે અને પોતાના દાવાની દાદ માટે પોતે હકકદાર હોવાનું સાબિત કરે ત્યારે તેથી વિપરીત સાબીત કરવાનો બોજો પ્રતિવાદી તરફ ખસે છે, આવા સંજોગોમાં પુરાવાનો બોજો તબદીલ થાય

છે.

આમ, ઉપરોકત ઠરાવામાં આવેલ સિધ્ધાંતો તથા કેસની હકીકત તથા બન્ને પક્ષકારો ધ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાને લઈને આ દાવાના પુરાવાની આગળ ઉપર ચર્ચા કરવામાં આવેલ છે.

(૧૦) **મુદા નં.૧**

**૧. શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલ્કતના મુળ માલિક હરીજન પાલા મગા હતા ?**

આ કામના પ્રતિવાદીઓએ તેમના આંક–૮ વાળા દાવા જવાબમાં સ્વીકારેલ છે કે દાવાવાળી મિલ્કતના મુળ માલિક હરીજન પાલા મગા હતા. જે સંદર્ભે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૫૮ ની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી છે જે નીચે મુજબ છે :–

**58. Facts admitted need not to be proved.**

*No fact need to be proved in any proceeding which the parties thereto of their agents agree to admit at the hearing, or which, before the hearing, thery agree to admit by any writing under their hands, or which by any rule of pleading in force at the time they are deemed to have admitted by their pleadings :*

*Provided that the Court may, in its discretion, require the facts admitted to be proved otherwise than by such admissions.*

ભારતીય પુરાવા અધિનિયમની ઉપરોકત જોગવાઈ મુજબ દાવાવાળી મિલ્કતના મુળ માલિક હરીજન પાલા મગા હોવાની હકીકત પ્રતિવાદી પક્ષે સ્વીકાર કરેલ છે, સ્વીકૃત હકીકતને પુરવાર કરવાની જરૂર રહેતી નથી. જેથી

**મુદા નં.૧ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

(૧૧) **<u>મુદા નં.૨ થી ૫</u>**

૨. **શું વાદી પુરવાર કરે છે કે, વેલા બુધા સંગાર, નારાણ વેલા સંગાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંગારનાઓએ હરીજન રાજમલ પાલાને ખોટી રીતે લાલચ પ્રલોભન આપીને તેની માલિકીની મિલ્કતની પુરતી સમજ આપ્યા વગર જનરલ પાવર ઓફ એટર્ની તા.૨૮–૨–૨૦૦૭ વાળુ ખોટી રીતે લખાવી લીધેલ છે ?**

૩. **શું વાદી પુરવાર કરે છે કે, રાજમલ પાલા હરીજનએ તા.૨–૩–૨૦૦૭ ના રોજ કચ્છ મિત્ર દૈનિક પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવી દાવાવાળી મિલ્કત અંગેનું પાવરનામુ રદ્દ કરેલ છે ?**

૪. **શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓ એકબીજા સાથે ભળીને રદ્દ થઈ ગયેલા પાવરનામાનો દુરૂપયોગ કરીને ખોટી રીતે દસ્તાવેજ નોંધણી નં. ૧૫૭૦, તા.૧૭–૩–૨૦૦૭ ના સંગાર વેલજી બુધાના નામે ખોટી રીતે કરી આપેલ છે ?**

૫. **શું વાદી પુરવાર કરે છે કે, સંગાર વેલજી બુધા ધ્વારા મિલ્કત દસ્તાવેજ નોંધણી નં.૧૦૬૫ તા.૧–૩–૨૦૦૮ થી દેઢીયા પલ્લવી પોપટ ચનાની તરફેણમાં ખોટી રીતે કરવામાં આવેલ છે ?**

ઉપરોકત મુદ્દાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદાઓની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવેલ છે.

સદરહુ મુદ્દાઓ પુરવાર કરવાનો બોજો વાદી પક્ષ પર રહેલ છે. વાદી તરફે આંક–૨૯ થી તેમનું પુરાવાનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જેમા તેઓએ દાવા અરજી મુજબની હકીકતો દોહરાવેલ હોય જેથી અત્રે ફરી વખત તેનું પુનરાવર્તન કરેલ નથી. ત્યાર બાદ પ્રતિવાદીઓના વિ.વ.શ્રી ધ્વારા વાદીની લંબાણપુર્વક ઉલટતપાસ કરેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે દાવાવાળુ ઠામ પાલા મગાને સરકાર પાસેથી સાંથણીમાં મળેલ, એ વાત

ખરી છે કે દાવાવાળુ ઠામ પાલા મગાને સાથણીમાં સરકાર પાસેથી મળેલ હોવા અંગેની નોંધ નં.૭૩૭ પડેલ છે, એ વાત ખરી છે કે જે હરીજન પાલા મગા અવસાન પામેલ છે, એ વાત ખરી છે કે પાલા મગાનો એક જ વારસદાર હતો જેનુ નામ રાજમલ પાલા હતુ, જેનુ નામ રેવન્યુ રેકર્ડે નોંધ નં.૨૬૩૭ થી નોંધાયેલ છે, એ વાત ખરી છે કે દાવાવાળુ ઠામ નવી શરતમાંથી જુની શરતમાં નોંધ નં.૨૯૩૦ થી ફેરવાયેલ છે, એ વાતની મને ખબર નથી કે રાજમલ પાલાએ પાવરદાર પ્રતિવાદી નં.૧ સંગાર લખુ વેલજીને સને ૨૦૦૭ માં પાવરનામુ આપેલ હતુ, એ વાતની મને ખબર નથી કે રાજમલ પાલાના પાવરદાર પ્રતિવાદી નં.૧ વાળાએ આ કામના પ્રતિવાદી નં.૨ ને મુળ પ્રતિવાદીને તા.૧૭–૩–૨૦૦૭ ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજથી વેંચાણ કરેલ, મને ખબર નથી કે તે અંગે રેવન્યુ રેકર્ડમાં નોંધ પ્રમાણિત થયેલ છે.'' વધુમાં તેઓએ જણાવેલ છે કે ''મને ખબર નથી કે પ્રતિવાદી નં.૩ નાઓએ દાવાવાળા ઠામ પરથી બેંક લોન પણ મેળવેલ છે, એ વાત ખરી છે કે પ્રતિવાદી નં.૩ નું નામ રેવન્યુ રેકર્ડમાં ચાલતુ હોવાથી સને ૨૦૧૨ માં પ્રાંત અધિકારીશ્રી સમક્ષ અપીલ દાખલ કરેલ છે, એ વાત ખરી છે કે મારી અરજી પ્રાંત અધિકારીશ્રીએ રદ્દ કરેલ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રાંત અધિકારીશ્રીએ જણાવેલ કે તેમને પાવરનામુ રદ્દ કરવાની સત્તા નથી તેથી કોર્ટમાં જવાનું કહેલ.'' સદરહુ વાદીની ઉપરોકત ઉલટતપાસ જોતા તેઓએ જે હકીકતોનું વર્ણન તેમની દાવા અરજીમાં પોતે કરેલ છે તે હકીકતોનો ઉલટતપાસમાં જવાબમાં ખબર ન હોવાનું જણાવેલ છે.

વધુમાં, આ કામે વાદી પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા તેઓએ આંક–૩૧ થી રેવન્યુ સર્વે નં.૨૬૦ ના ગામ નમુના નં.૭ રજુ કરેલ છે જેમા કબજેદાર તરીકે પ્રતિવાદી નં.૩ નું નામ જણાય આવે છે. તેઓએ

આંક–૩૨ થી ગામ નમુના નં.૬ હકક પત્રક નોંધ નં.૭૩૭ રજુ કરેલ છે જે જોતા દાવાવાળુ ઠામ હરીજન પાલા મગાને સરકાર તરફથી સાંથણીમાં આપેલ હોવાનું પુરવાર થાય છે. ત્યાર બાદ તેઓએ આંક–૩૩ થી ગામ નમુના નં.૬ હકક પત્રકની નકલ રજુ કરેલ છે પરંતુ તે નકલ અવાચ્ય હોવાથી તેનું વર્ણન કરી શકાયેલ નથી. આંક–૩૪ થી વાદીએ વારસાઈ નોંધ નં.૨૬૩૭ રજુ કરેલ છે. આંક–૩૫ થી દાવાવાળુ ઠામ નવી શરતમાંથી જુની શરતમાં ફેરવેલ હોવા અંગેની નોંધ નં. ૨૯૩૦ રજુ કરવામાં આવેલ છે. આંક–૩૬ થી વાદીએ હકક પત્રક નોંધ નં.૨૯૩૧ ની ખરી નકલ તથા આંક–૩૭ થી ફેરફાર નોંધ નં.૨૯૫૧ રજુ કરેલ છે. આંક–૩૮ થી વાદી તરફે નોંધ નં.૨૯૮૯ રજુ કરેલ છે જે નોંધ આ કામના વાદી હરીજન રાજમલ પાલાભાઈ પાસેથી રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૩૫૧૮ થી અઘાટ વેંચાણ લીધેલ હોવા અંગેની નોંધ છે. આંક–૩૯ થી વાદીએ નોંધ નં.૩૦૫૬ રજુ કરેલ છે, જે નોંધ પ્રતિવાદી નં.૩ નાઓએ દાવાવાળુ ઠામ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં.૧૦૭૫ થી ખરીદેલ હોવા અંગેની નોંધ છે. આંક–૪૦ થી તેઓએ નોંધ નં.૩૯૬૩ રજુ કરેલ છે જે નોંધ પ્રાંત અધિકારી સાહેબ મુંદરા કચ્છના હુકમ નં.જમનિ ૧૦૮(૫) તળે કેસ નં.માંડવી ૧૧૦/૨૦૧૨ તા. ૩–૩–૨૦૧૬ વાળાથી એપેલેન્ટની અપીલ નામંજૂર કરવા અંગેની છે. વાદીએ આંક–૪૧ થી નોંધ નં.૪૦૨૭ રજુ કરેલ છે, જે નોંધ રીસર્વે અંગેની છે. ત્યાર બાદ આંક–૪૨ થી રીસર્વે પ્રમોલગેશન ક્ષેત્રફળ તથા દુરસ્તી થવા અંગેની નોંધ નં.૪૨૩૫ રજુ કરેલ છે. આંક–૪૩ થી પ્રતિવાદી નં.૩ નાઓએ ગુજરાત ગ્રામીણ બેંકમાંથી મેળવેલ લોન અંગેની નોંધ નં.૪૩૬૫ રજુ કરેલ છે. આંક–૬૦ થી વાદીએ એડવોકેટશ્રીનાઓએ કચ્છ મિત્રમાં આપેલ પાવરનામુ રદ્દ કરવા આપેલ જાહેર નોટીસની ખરી નકલ રજુ કરેલ છે, જે નોટીસમાં એવુ જણાવેલ

છે કે ''આથી મારા અસીલશ્રી રાજમલ પાલાભાલ હરીજન રહે.મુળ ગામ તલવાણા, તા.માંડવી કચ્છ હાલ રહે.જુની સુંદરપુરી ગાંધીધામ કચ્છની માલિકીની ખેતીની જમીન ગામ તલવાણા સર્વે નં.૩૯૦ પૈકી ખાતા નં.૩૧૬ એરીયા એકર ૬-૨૭ ગુંઠાવાળી જમીનનું પાવરનામુ (૧) વેલા બુધુ સંઘાર, (૨) નારણ વેલા સંઘાર, (૩) લાખા વેલા સંઘાર, રહે.બીદડા, માંડવીવાળાઓએ અમારા અસીલને ભોળવી ખોટી રીતે સમજાવી, લખાણની વિગતો વાંચી સંભળાવ્યા વગર ઉપર જણાવેલ ત્રણે જણાએ કોઈ એકના નામે પાવરનામુ લખાવી લીધેલ છે, જે પાવરનામુ અમારા અસીલ રદ્દ જાહેર કરે છે જે અંગે સર્વેએ નોંધ લેવા નમ્ર વિનંતી તેમજ ઉપરોકત મિલ્કત અંગે કોઈએ વ્યવહાર કરવો નહિ.'' આંક-૪૫ થી વાદીએ દાવાવાળુ ઠામ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં.૩૫૧૮/૨૦૦૭ ની ખરી નકલ રજુ કરેલ છે, જે જોતા તે દસ્તાવેજ દાવાવાળુ ઠામ વાદીએ હરીજન રાજમલ પાલાભાઈ પાસેથી રૂા.૫૫,૦૦૦/- માં ખરીદેલ હોવા અંગેનો છે. આંક-૪૬ થી વાદી તરફે રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં.૧૫૭૦/૨૦૦૭ વાળો રજુ કરવામાં આવેલ છે જે દસ્તાવેજ મુજબ સંગાર વેલજી બુધાનાઓએ દાવાવાળુ ઠામ રૂા.૫૨,૦૦૦/- માં હરીજન રાજમલ પાલાના પાવરદાર સંગાર લખુ વેલજી પાસેથી તા.૧૭-૩-૨૦૦૭ ના રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજના અનુસંધાને વેંચાણ લીધેલ હોવા અંગેનો છે.

વધુમાં, આ કામે વાદી તરફે સાહેદ હિંમતભાઈ માદેવભાઈ ચૌધરી, સબ રજીસ્ટ્રારશ્રીનાઓને આંક-૪૯ થી તપાસવામાં આવેલ છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''હું સમન્સમાં જણાવેલ આધારો સાથે લાવેલ છુ જેમા વેંચાણ દસ્તાવેજ નં.૧૫૭૦/૨૦૦૭, ૩૫૧૮/૨૦૦૭ તથા ૧૦૭૫/ ૨૦૦૮ ની ખરી નકલ મારા ધ્વારા પ્રમાણિત થયેલ છે તે તથા અસલ

ડે બુક લાવેલ છુ. ત્યાર બાદ પ્રતિવાદીના વિ.વ.શ્રી ધ્વારા તેમની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમા જણાવેલ છે કે ''એ વાત ખરી છે કે તા.૧૫–૬–૨૦૦૭ ના રોજ દાવાવાળા ઠામના ફરી દસ્તાવેજ થયેલ છે, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પ્રથમ દસ્તાવેજ નં.૧૫૭૦/૨૦૦૭ માં સર્વે નં.૩૯૦ પૈકી છે તથા દસ્તાવેજ નં.૩૫૧૮/૨૦૦૭ માં સર્વે નં.૩૯૦/૨૪ છે.'' સદરહુ સાક્ષીએ રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૧૫૭૦/૨૦૦૭ આંક–૫૧ થી રજુ કરેલ છે, જે દસ્તાવેજ સંગાર વેલજી બુધાનાઓએ હરીજન રાજમલ પાલાના પાવરદાર સંગાર લખુ વેલજી પાસેથી દાવાવાળુ ઠામ રૂા.૫૨,૦૦૦/– માં ખરીદેલ હોવા અંગેનું છે. આંક–૫૨ થી સદરહુ સાક્ષીએ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં. ૩૫૧૮/૨૦૦૭ છે, જે દસ્તાવેજ પણ દાવાવાળા ઠામ અંગેનો જ છે જે હરીજન રાજમલ પાલાભાઈએ દાવાવાળુ ઠામ કેશવ દેવરાજ ગઢવીને વેંચેલ હોવા અંગેનો છે. તેવી રીતે તેઓએ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં.૧૦૭૫/૨૦૦૮ વાળો રજુ કરેલ છે જે દસ્તાવેજ સંગાર વેલજી બુધાનાઓએ દાવાવાળુ ઠામ દેઢીયા પલ્લવી પોપટ ચનાઓને રૂા.૫૫,૦૦૦/– માં વેંચેલ હોવા અંગેનો દસ્તાવેજ છે. સદરહુ સાક્ષી આંક–૫૪, ૫૫ અને ૫૬ થી ઉપરોકત દસ્તાવેજોની ક્રમશ: ડે બુક રજુ કરેલ છે.

વધુમાં, વાદી તરફે આંક–૫૭ થી પાવરનામુ નોટરી કરનાર સાહેદ હસનભાઈ બચુભાઈ રાયમાને તપાસવામાં આવેલ છે અને આ સાહેદે આંક– ૫૮ થી તેમના રજીસ્ટરના પાનાની ખરી નકલ રજુ કરેલ છે.

વધુમાં, વાદી તરફે મુખ્યત્વે એવી રજુઆત છે કે, દાવાવાળા ઠામ અંગે આ કામના પ્રતિવાદીઓ પૈકી લખુ વેલજી તથા વેલજી બુધા સંગારનાઓએ બદદાનતથી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરીને ખોટુ પાવરનામુ દાવાવાળી

મિલ્કતના મુળ માલિક રાજમલ પાલા પાસેથી તા.૧૭–૩–૨૦૦૭ ના રોજ કરાવી લેવામાં આવેલ છે, જે પાવરનામુ તેમના ધ્વારા કચ્છ મિત્રમાં નોટીસ આપીને રદ્દ કરવામાં આવેલ અને તે રદ્દ થયેલ પાવરનામાના અનુસંધાને આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.ર ને તથા ત્યાર બાદ પ્રતિવાદી નં.ર નાઓએ દાવાવાળુ ઠામ પ્રતિવાદી નં.૩ નાઓને વેંચાણ કરેલ છે. વાદી પક્ષ તરફે તેમની દલીલોમાં જણાવવામાં આવેલ છે કે, પાવરનામુ પાવર આપનારે રદ્દ કર્યા પછી પાવરદારને કોઈ સત્તા રહેતી નથી, ત્યાર બાદ કરાયેલ વ્યવહાર પાવર આપનાર પર કોઈ બંધનકર્તા નથી. તેમની સદરહુ દલીલના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના અકબરભાઈ કેસરભાઈ સિપાઈ વિરૂધ્ધ મોહનભાઈ અંબાભાઈ પટેલ, સ્પેશીયલ સિવિલ એપ્લીકેશન નં. ૧૪૭૪૦/૨૦૧૮ નો ચુકાદો રજુ કરવામાં આવેલ છે, પરંતુ સદરહુ ચુકાદો માનસહ વંચાણે લેતા હાલના કેસના તથ્યોથી તે કેસના તથ્યો તદ્દન જુદા અને વિપરીત જણાય આવે છે જે સંજોગો સદરહુ ચુકાદો વાદી પક્ષના કેસને કોઈ રીતે ઉપયોગી કે મદદરૂપ બનતો નથી. કારણ કે વાદી તરફે અન્ય રજુઆત એવી છે કે, ઉપરોકત દસ્તાવેજો રાજમલ પાલાની મુકત સંમતિ વગર બનાવવામાં આવેલા છે તથા પાવરનામુ પણ તેમના ધ્વારા રદ્દ કરવામાં આવેલ અને તે પાવરનામુ રદ્દ કર્યા પછી રાજમલ પાલાએ દાવાવાળુ ઠામ આ કામના વાદીને તા.૧૫–૬–૨૦૦૭ વાળા રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજથી વેંચાણ કરેલ છે અને ત્યારથી વાદી દાવાવાળા ઠામના કબજા ભોગવટામાં છે. હવે આ કામે વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા દાવાવાળુ ઠામ વાદીઓના કબજામાં હોવા અંગેની કોઈ પણ હકીકત જણાય આવતી નથી. વધુમાં, વાદી તરફેની રજુઆત કે આ કામના પ્રતિવાદી નં.૧ નાઓને જે

પાવરનામુ રાજમલ પાલાનાઓએ આપેલુ હતુ તે પાવરનામુ તેમના દ્વારા રદ્દ કરવામાં આવેલ છે તે પુરવાર કરવા માટે વાદી તરફે રાજમલ પાલાને આ કામે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી કે તેમને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી, જેનાથી એમ પુરવાર થાય કે ઉપરોકત પાવરનામુ રાજમલ પાલાએ રદ્દ કરાવેલ છે. વધુમાં, વાદી તરફે એવી પણ કોઈ રજુઆત નથી કે મુળ માલિકે ખોટુ પાવરનામુ હોવા અંગેનો તથા તેને રદ્દ કરાવવા અંગેનો કોઈ પણ દાવો તેમના દ્વારા દાખલ કરવામાં આવેલો હોય. વધુમાં આ કામે વાદી તરફે પેરા નં.૧૧ માં માંગવામાં આવેલી દાદ જોતા તેમા પણ પાવરનામુ રદ્દબાતલ ઠરાવવા અંગેની કોઈ પણ દાદ વાદી પક્ષે માંગવામાં આવેલ નથી. ઉપરોકત પાવરનામુ રાજમલ પાલાએ પ્રતિવાદી નં.૧ ની તરફેણમાં બનાવેલ હોવાની હકીકત અત્રે એક સ્વીકૃત હકીકત છે પરંતુ તે પાવરનામુ તેમના દ્વારા રદ્દ કરવામાં આવેલુ હતુ તે હકીકત માત્ર આંક-૬૦ વાળી નોટીસથી પુરવાર થઈ શકે નહિ. વેલા બુધા સંગાર, નારણ વેલા સંગાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંગારનાઓએ હરીજન રાજમલ પાલાનાઓને ખોટી રીતે લાલચ પ્રલોભન આપીને તેમની માલિકીની મિલ્કતની પુરતી સમજ આપ્યા વગર પાવર ઓફ એટર્ની લખાવી લેવા અંગેની હકીકત પુરવાર કરવા માટે રાજમલ પાલાનાઓને વાદી તરફે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી કે તેમને સાક્ષી તરીકે તપાસવામાં આવેલ નથી. તેથી તા.૨-૩-૨૦૦૭ વાળી જાહેર નોટીસ કચ્છ મિત્ર દૈનિકમાં રાજમલ પાલાનાઓએ આપેલ હતી કે કેમ તે હકીકત પણ પુરવાર થતી નથી.

વધુમાં, આ કામે પ્રતિવાદીઓ તરફે રજુ પુરાવો ધ્યાને લેતા આ કામના પ્રતિવાદી નં.૩ નાઓએ આંક-૬૬ થી તેમનું પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ દાવા જવાબ મુજબની હકીકતો જણાવેલ હોય જેથી અત્રે તેનુ

પુનરાવર્તન કરેલ નથી. ત્યાર બાદ વાદીના વિ.વ.શ્રી ધ્વારા તેમની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે, જે જોતા આ કામના વાદીના કેસની સઘળી હકીકતો પુરવાર કરતી કોઈ જ વિગતો તેમાથી નીકળી આવતી નથી.

વધુમાં, પ્રતિવાદી પક્ષ ધ્વારા રજુ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા તેઓએ આંક–૭૦ થી રજીસ્ટર્ડ દસ્તાવેજ નં.૧૫૭૦ તથા આંક–૭૧ થી રજીસ્ટર્ડ દસ્તાવેજ નં. ૧૦૭૫ રજુ કરેલ છે, જે દસ્તાવેજોની ચર્ચા ઉપર અગાઉ કરવામાં આવેલ હોવાથી પુનરાવર્તન ટાળવાના શુભ આશયથી ફરી વખત ચર્ચા કરવામાં આવેલ નથી. વધુમાં, પ્રતિવાદી પક્ષ તરફે આંક–૭૨ થી પ્રાંત અધિકારીશ્રી મુન્દ્રાવાળો હુકમ, આંક–૭૩ થી પ્રતિવાદી નં.૩ વાળાએ વેંચેલ તે બીલ, આંક–૭૪ થી પ્રતિવાદી નં.૩ વાળાએ ઠામ ખેડાવેલ તે બીલ, આંક–૭૫ થી ઠામ ફેન્સીંગ કરાવેલ તે બીલ, આંક–૭૬ થી ઠામમાં ગેઈટ નખાવેલ તે માલના બીલ, આંક–૭૭ થી ઠામમાં છાટવા દવા લીધેલ તે બીલ, આંક–૭૮ થી માલ વેંચેલ તે બીલ, આંક–૭૯, ૮૦ થી ઠામ ખેડાવેલ તે બીલ, આંક–૮૧ થી ઠામમાં ખાતર નખાવેલ તે બીલ, આંક–૮૨, ૮૩ થી ઈન્કમ ટેકસ રીટર્ન, આંક–૮૪ થી માંડવી પોલિસ સ્ટેશનમાં આપેલ ફરીયાદની ઓફિસ કોપી, આંક–૮૫, ૮૬ થી પોલિસ ફરીયાદ કરેલ તેની ઓફિસ કોપી, આંક–૮૭ થી ડી.એસ.પી.ને કરેલ ફરીયાદની ઓફિસ કોપી, આંક–૮૮ થી શ્રી કલેકટર સાહેબ, ભુજ–કચ્છવાળાનો નં.૮૪/૨૧ નો હુકમ, આંક–૮૯ થી પ્રતિવાદી નં.૩ એ તા.૩–૫–૨૦૨૫ ના તલકચંદ નારણજી દેઢીયાને આપેલ પાવરનામાની ખરી નકલ તથા આંક–૯૨ થી તા.૩૧–૫–૨૦૧૮ વાળો બંસરી એન્ટરપ્રાઈઝનું બીલ અસલ રજુ કરેલ છે.

વધુમાં, આ કામના પ્રતિવાદી નં.૧ નાઓએ આંક–૯૩ થી પુરાવાનું

સોગંદનામુ રજુ કરેલ છે જેમા તેઓએ દાવા જવાબ મુજબની હકીકતો જણાવેલ હોવાથી અત્રે તેનુ પુનરાવર્તન કરેલ નથી. ત્યાર બાદ વાદીના વિ.વ.શ્રી ધ્વારા તેમની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે, જે જોતા આ કામના વાદીના કેસની સઘળી હકીકતો પુરવાર કરવાની કોઈ જ વિગતો તેમાથી નીકળી આવતી નથી.

ત્યાર બાદ, પ્રતિવાદી પક્ષ તરફે સમર્થનમાં આંક–૯૪ થી સાહેદ ક્રિપાલસિંહ નાનુભા જાડેજાને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, ''તેઓ દાવાવાળા ઠામમાં ટ્રેકટરથી ખેડ પોખ કરે છે અને વીખેરા કાઢવાનું કામ કરે છે, તેઓએ સદરહુ ઠામમાં વાવેતર, થ્રેશર કામ વિગેરે કામ કરવા બદલ પ્રતિવાદી નં.૩ ને બીલ પણ આપેલ છે.'' વાદીના વિ.વ.શ્રી ધ્વારા તેઓની લંબાણપુર્વક ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમા તેઓએ જણાવેલ છે કે ''હું સને ૧૯૯૬–૯૭ થી ટ્રેકટરથી ખેડ પોખનું કામ કરે છે, એ વાત ખરી છે કે મારા સોગંદનામામાં હું શું નામે ધંધો કરૂ છુ તે હકીકત મે જણાવેલ નથી, એ વાત ખરી નથી કે મે આ કામના પ્રતિવાદીને હું કહુ છુ તેવો કોઈ બીલ આપેલ નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સને ૨૦૦૭–૦૮ થી આપેલા છે, એ વાત ખરી છે કે હું જે બીલ આપુ છુ તેમા મારૂ નામ, મોબાઈલ નંબર અને સહી કરી આપુ છુ પણ તેમા સિકકો લગાવેલ હોતો નથી.'' તેઓએ વધુમાં જણાવેલ છે કે ''એ વાત ખરી નથી કે આ કામના પ્રતિવાદી સ્થાનિકે ખેતી કરતા નથી, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે પોતે ખેતી કરે છે અને હું ટ્રેકટરનું બધુ કામ કરૂ છુ.''

હવે આ કામે વાદીએ તેમની દાવા અરજીના પેરા નં.૬ માં જણાવેલ છે કે, ''દાવાવાળી મિલ્કત સંદર્ભે અમો વાદી તરફથી રેવન્યુ રેકર્ડની નોંધ નં.૨૯૩૧

તથા ૩૦૫૬ વાળી રદૃ કરવા સંદર્ભે અપીલ પણ અમારા એડવોકેટ મારફતે રજુ કરેલ હતી જે અપીલ કેસ કામમાં પણ પ્રાંત અધિકારી મુંદરા તરફથી સદરહુ મિલ્કત સંદર્ભેનું પાવરનામુ રદૃ થઈ ગયા બાદ પ્રતિવાદી નં.ર નો દસ્તાવેજ બનેલ છે તે ઘ્યાને લીઘેલ નથી, જે તે સમયે અમો વાદીને જરૂરી કાયદાકીય સલાહ ન મળતા અમો તરફથી આગળની કાર્યવાહી કરેલ ન હતી, દાવાવાળી મિલ્કત સંદર્ભે સ્થાનિકે જાત ખેડ કબજો અમો વાદી પાસે જ રહેલ હોવાથી આ કામના પ્રતિવાદીઓ અમો વાદીના જાત ખેડ, કબજા, ભોગવટામાં હરકત અંતરાય કરાવતા ન હોય પ્રતિવાદી વિરૂઘ્ધ તાત્કાલિક કાર્યવાહી કરેલ નહિ'' પરંતુ વાદી તરફે રજુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી વાદીનો દાવાવાળી મિલ્કતમાં કબજો આવેલ હોવાનું તથા તેમના ઘ્વારા ખેડ પોખ કરવામાં આવેલ હોવાની કોઈ પણ હકીકત પુરવાર થતી નથી. જયારે આ કામના પ્રતિવાદી નં.૩ નાઓ દાવાવાળા ઠામમાં કબજો ઘરાવતા હોવા અંગે તથા ખેડ પોખ કરતા હોવા અંગેની હકીકતો પુરવાર કરવા માટે સઘળા પુરાવા રજુ કરવામાં આવેલા છે. આમ, વાદી પક્ષ ઘ્વારા વેલા બુધા સંગાર, નારાણ વેલા સંગાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંગારનાઓએ હરીજન રાજમલ પાલાને ખોટી રીતે લાલચ પ્રલોભન આપીને તેની માલિકીની મિલ્કતની પુરતી સમજ આપ્યા વગર જનરલ પાવર ઓફ એટર્ની તા.ર૮–ર–ર૦૦૭ વાળુ ખોટી રીતે લખાવી લીઘેલ તેમજ રાજમલ પાલા હરીજનએ તા.ર–૩–ર૦૦૭ ના રોજ કચ્છ મિત્ર દૈનિક પત્રમાં જાહેર નોટીસ પ્રસિઘ્ધ કરાવી દાવાવાળી મિલ્કત અંગેનું પાવરનામુ રદૃ કરેલ હોવાની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ છે. વઘુમાં, આ કામના પ્રતિવાદીઓ એકબીજા સાથે ભળીને રદૃ થઈ ગયેલા પાવરનામાનો દુરૂપયોગ કરીને ખોટી રીતે દસ્તાવેજ નોંઘણી નં.૧૫૭૦, તા.૧૭–૩–ર૦૦૭

ના સંગાર વેલજી બુધાના નામે ખોટી રીતે કરી આપેલ હોવાનું તેમજ સંગાર વેલજી બુધા ધ્વારા મિલ્કત દસ્તાવેજ નોંધણી નં.૧૦૬૫ તા.૧–૩–૨૦૦૮ થી દેઢીયા પલ્લવી પોપટ ચનાની તરફેણમાં ખોટી રીતે કરવામાં આવેલ હોવાનું વાદી પક્ષે પુરવાર કરેલ નથી. જે તમામ સંજોગોમાં **મુદા નં.૨ થી ૫ નો જવાબ આથી નકારમાં** આપવામાં આવે છે.

## (૧૨) <u>મુદા નં.૬</u>

**૬. શું પ્રતિવાદી નં.૩ પુરવાર કરે છે કે, તેઓ દાવાવાળી મિલ્કતના બોનાફાઈડ ખરીદનાર છે ?**

સદરહુ મુદ્દો પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી નં.૩ ઉપર રહેલ છે. અગાઉ ઉપરોકત મુદા નં.૨ થી ૪ લગત કરવામાં આવેલ ચર્ચા મુજબ આ કામના વાદીએ તેમની દાવા અરજીની મહત્વની હકીકતો પુરવાર કરવામાં તદ્દન નિષ્ફળ નીવડેલ છે, જયારે પ્રતિવાદી નં.૩ નાઓએ દાવાવાળુ ઠામ રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજના અનુસંધાને ખરીદેલ હોવાનું તથા દાવાવાળા ઠામનો હાલમાં કબજો ધરાવતા હોવાનું અને ખેડપોખ કરતા હોવાનું પુરવાર કરેલ છે. જેથી આ કામના પ્રતિવાદી નં.૩ નાઓ દાવાવાળી મિલ્કતના બોનાફાઈડ ખરીદનાર હોવાનું પુરવાર થતુ હોય, **મુદા નં.૬ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

## (૧૩) <u>મુદા નં.૭</u>

**૭. શું પ્રતિવાદીઓ પુરવાર કરે છે કે, સદરહુ દાવાને સમય મર્યાદાનો બાધ નડે છે ?**

આ કામે વાદીએ તેમની દાવા અરજીના પેરા નં.૬ માં જણાવેલ છે કે, ''દાવાવાળી મિલ્કત સંદર્ભે અમો વાદી તરફથી રેવન્યુ રેકર્ડની નોંધ નં.૨૯૩૧ તથા ૩૦૫૬ વાળી રદ્દ કરવા સંદર્ભે અપીલ પણ અમારા એડવોકેટ મારફતે રજુ

કરેલ હતી જે અપીલ કેસ કામમાં પણ પ્રાંત અધિકારી મુંદરા તરફથી સદરહુ મિલ્કત સંદર્ભેનું પાવરનામુ રદ્દ થઈ ગયા બાદ પ્રતિવાદી નં.૨ નો દસ્તાવેજ બનેલ છે તે ધ્યાને લીધેલ નથી, **જે તે સમયે અમો વાદીને જરૂરી કાયદાકીય સલાહ ન મળતા અમો તરફથી આગળની કાર્યવાહી કરેલ ન હતી**, દાવાવાળી મિલ્કત સંદર્ભે સ્થાનિકે જાત ખેડ કબજો અમો વાદી પાસે જ રહેલ હોવાથી આ કામના પ્રતિવાદીઓ અમો વાદીના જાત ખેડ, કબજા, ભોગવટામાં હરકત અંતરાય કરાવતા ન હોય પ્રતિવાદી વિરૂધ્ધ તાત્કાલિક કાર્યવાહી કરેલ નહિ.'' કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે **''ઈગ્નોરન્સ ઓફ લો ઈઝ નોટ અન એકસકયુઝ''**. આમ, વાદીની દાવા અરજીથી સ્પષ્ટ રીતે જણાય આવે છે કે, તેમને રજીસ્ટર્ડ વેંચાણ દસ્તાવેજ નં. ૧૫૭૦ અને ૧૦૭૫ ની જાણ પહેલાથી જ હતી અને તેમના ધ્વારા પ્રાંત અધિકારીશ્રી મુંદરા સમક્ષ જમનિ ૧૦૮(૫) તળે કેસ નં.માંડવી ૧૧૦/૨૦૧૨ વાળી અપીલ દાખલ કરવામાં આવેલ હતી જે અપીલ પણ તા.૩ માર્ચ ૨૦૧૬ ના રોજ પ્રાંત અધિકારીશ્રી ધ્વારા નામંજૂર કરવામાં આવેલ હતી. જેનાથી પુરવાર થાય છે કે વાદીને ઉપરોકત દસ્તાવેજોની જાણ શરૂઆતથી જ છે પરંતુ તેમના ધ્વારા હાલનો દાવો તા.૮-૨-૨૦૨૧ માં દાખલ કરવામાં આવેલો છે. લીમીટેશન એકટના આર્ટીકલ ૫૮ મુજબ સદરહુ દાવો વાદી ધ્વારા તેમને જાણ થઈ તેનાથી ત્રણ વર્ષની અંદર દાખલ કરવો જોઈતો હતો, પરંતુ વાદી ધ્વારા સ્પષ્ટ રીતે સમય મર્યાદાથી બહાર દાખલ કરવામાં આવેલ હોવાનું પુરવાર થાય છે. વાદી તરફે તેમની દલીલો સાથે કોન્સોલીડેટેડ એન્જીનીયરીંગ એન્ટરપ્રાઈસિસ વિરૂધ્ધ પ્રિન્સિપાલ સેક્રેટરી, ઈરીગેશન ડીપાર્ટમેન્ટના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયાએ પથદર્શીત કરેલ કે જો વ્યકિત સારા વિશ્વાસથી કાયદેસર કાર્યવાહી કરતો રહયો હોય તો સમય મર્યાદા અધિનિયમની કલમ-૧૪ હેઠળ

તે સમય માફ થઈ શકે છે, પરંતુ સદરહુ ચુકાદો માનસહ વંચાણે લેતા સદરહુ ચુકાદાના તથ્યો હાલના કેસના તથ્યોથી તદ્દન જુદા છે, આ કામના વાદીને સ્પષ્ટ રીતે ઉપરોકત દસ્તાવેજોની જાણ હોવા છતા તે દસ્તાવેજો રદ્દ કરાવવાની તજવીજ કરાવવામાં આવેલ નથી, જે સંજોગોમાં સદરહુ ચુકાદો વાદી પક્ષના કેસને કોઈ રીતે ઉપયોગી બનતો નથી. જેથી સદરહુ દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાનું પ્રતિવાદી પક્ષે પુરવાર કરેલ હોય, **મુદા નં.૭ નો જવાબ હકારમાં** આપવામાં આવે છે.

**(૧૪) <u>મુદા નં.૮</u>**

**૮. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?**

કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ પણ દાવામાં વાદી તેમની દાવા અરજીની હકીકતો સબળ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ આધારે ભારતીય પુરાવા અધિનિયમની જોગવાઈઓ મુજબ અદાલત સમક્ષ પુરવાર કરે તે બાદ જ વાદીએ તેમની દાવા અરજીમાં માંગણી કરેલ દાદ પૈકી કઈ દાદ મેળવવા તે હકકદાર બને છે અને કઈ દાદ મેળવવા તે હકકદાર બનતા નથી તેનો નિર્ણય કરવાનો રહે છે. જે અનુસાર વાદીએ હાલના દાવામાં મોજે ગામ–તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં.૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળા ઠામનો વાદીના નામજોગ બનેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં.૩૫૧૮, તા.૧૫–૬–૨૦૦૭ વાળો ખરો અને કાયદેસરનો હોવાનું હુકમનામુ આપવા તેમજ આ કામના પ્રતિવાદીઓ દાવાવાળી મિલ્કતના વાદીના શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજામાં કોઈ હરકત, અંતરાય, રૂકાવટ કરે કરાવે નહિ તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી મનાઈ હુકમ ફરમાવવા, તેમજ મોજે ગામ–

તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં.૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળા ઠામમાં પ્રતિવાદી નં.૨ ના નામ જોગ બનેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં.૧૫૭૦, તા.૧૫–૩–૨૦૦૭ વાળો રદ્દ ફરમાવવા વિકલ્પે શરૂથી જ નલ એન્ડ વોઈડ ઠેરવવા હુકમ ફરમાવવા, તેમજ મોજે ગામ–તલવાણા, તા.માંડવીની સીમના સર્વે નં. ૩૯૦ પૈકી ૨૪ તેના હાલના નવા સર્વે નં.૨૬૦, જમીન હે. ૨–૭૧–૬૪ વાળા ઠામમાં પ્રતિવાદી નં.૩ ના નામ જોગ બનેલ રજીસ્ટર્ડ દસ્તાવેજ નોંધણી નં.૧૦૭૫, તા.૧–૩–૨૦૦૮ વાળો રદ્દ ફરમાવવા વિકલ્પે શરૂથી જ નલ એન્ડ વોઈડ ઠેરવવા હુકમ ફરમાવવા સબબની દાદની માંગણી કરેલ છે. આમ, રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા સ્પષ્ટ બને છે કે, દાવાવાળી મિલ્કતના મુળ માલિક હરીજન પાલા મગા હોવાની હકીકત પુરવાર થયેલ છે, પરંતુ વેલા બુધા સંગાર, નારાણ વેલા સંગાર તથા લાખા વેલા ઉર્ફે લખુ વેલજી સંગારનાઓએ હરીજન રાજમલ પાલાને ખોટી રીતે લાલચ પ્રલોભન આપીને તેની માલિકીની મિલ્કતની પુરતી સમજ આપ્યા વગર જનરલ પાવર ઓફ એટર્ની તા.૨૮–૨–૨૦૦૭ વાળુ ખોટી રીતે લખાવી લીધેલ હોવાનું તેમજ રાજમલ પાલા હરીજનએ તા.૨–૩–૨૦૦૭ ના રોજ કચ્છ મિત્ર દૈનિક પત્રમાં જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવી દાવાવાળી મિલ્કત અંગેનું પાવરનામુ રદ્દ કરેલ હોવાની હકીકત વાદી પક્ષે પુરવાર કરેલ નથી. વધુમાં, આ કામના પ્રતિવાદીઓ એકબીજા સાથે ભળીને રદ્દ થઈ ગયેલા પાવરનામાનો દુરૂપયોગ કરીને ખોટી રીતે દસ્તાવેજ નોંધણી નં.૧૫૭૦, તા.૧૭–૩–૨૦૦૭ ના સંગાર વેલજી બુધાના નામે ખોટી રીતે કરી આપેલ હોવાની હકીકત વાદી પક્ષે પુરવાર કરેલ નથી. વધુમાં, સંગાર વેલજી બુધા ધ્વારા મિલ્કત દસ્તાવેજ નોંધણી નં.૧૦૬૫ તા.૧–૩–૨૦૦૮ થી દેઢીયા પલ્લવી પોપટ

ચનાની તરફેણમાં ખોટી રીતે કરવામાં આવેલ હોવાનું પણ વાદી પક્ષે પ્રસ્થાપિત કરેલ નથી. જેનાથી વિપરીત આ કામના પ્રતિવાદી નં.૩ નાઓ દાવાવાળી મિલ્કતના બોનાફાઈડ ખરીદનાર હોવાની હકીકત પ્રતિવાદી પક્ષે પુરવાર કરેલ છે. વધુમાં, આ કામા વાદીના દાવાને સમય મર્યાદાનો બાધ નડતો હોવાની હકીકત પણ પ્રતિવાદી પક્ષે પુરવાર કરેલ છે. આમ, વાદી પક્ષ તેમની દાવા અરજીની મહત્વની હકીકતો અદાલત સમક્ષ પુરવાર કરી શકેલ ન હોય, તેમની દાવા અરજીમાં માંગણી કર્યા મુજબની કોઈ પણ દાદ મેળવવા હકકદાર બનતા નથી. જેથી **મુદા નં.૮ નો જવાબ આથી નકારમાં** આપવામાં આવે છે.

(૧૫) **મુદા નં.૯**

ઉપરોકત મુજબ મુદા નં.૧ થી ૮ માં કરેલ ચર્ચા, કારણો તથા નિર્ણયના અનુસંધાને ન્યાયના વિશાળ હિતમાં **મુદા નં.૯ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ** કરવામાં આવે છે.

**-: આખરી હુકમ :-**

- વાદીનો દાવો આથી **ના-મંજૂર યાને રદ્દ** કરવામાં આવે છે.
- દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૮-૦૪-૨૦૨૬
**સ્થળ :** માંડવી

**(શ્રીમતિ સ્વાતિ ખત્રી)**
પ્રિન્સિપાલ સિવિલ જજ, માંડવી-કચ્છ
કોડ નં.જી.જે.૦૧૫૧૭